ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લો... ફરીથી જુઓ... તમે કહેતા હતાં કે અખાત્રીજે કરો તો કાંઇ ના થાય... લો તો એક દિવસ બાદ, ડખા - ચોથ શરૂ થઇ ગઇ...!!

# ધરપકડ કરાયેલા સાત કોંગી આગેવાનોને મધરાત્રે જામીન આપ્યા

## સાંજે ચારની ધરપકડ કરી ત્યારબાદ મોડી રાત્રે અન્ય ત્રણને પોલીસે પકડી પાડયા હતા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મહાનગરપાલિકા બિલ્ડીંગમાં ચોથે માળે મેયર કાર્યાલય બહાર જ મેયર પ્રવિણ પટેલ પર હુમલો થવા પામ્યો હતો. આ પ્રકરણમાં કોંગ્રેસના નવ આગેવાનોની નામ જોગ અને અન્ય ૨૫ કાર્યકરો સામે ગુનો નોંધાવા પામ્યો હતો પોલીસે સાંજે ચારની ધરપકડ કરી લીધી હતી અને મોડી રાત્રે અન્ય ત્રણની પણ ધરપકડ કરી હતી. સમાધાનના પ્રયાસો પાર્ટી કક્ષાએથી ચાલી રહ્યા હતા દરમિયાન મધરાત્રે સાતેય આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવ્યા હતા. નવ પૈકી બે મહિલા સિવાયના સાતેયની ધરપકડ રાત સુધીમાં કરાઈ હતી તે સાતેયનો જામીન પર છુટકારો થયો હતો.

પ્રવિણ પટેલ મેયર સામે ગઈ સવારે કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોએ મળીને મેયર કાર્યાલય બહાર સુત્રોચ્ચાર કર્યા હતા તે સમયે લીફટમાં ચોથે માળે આવેલા પ્રવિણભાઈ પર ટોળાએ હુમલો કરતા મેયર હોસ્પિટલમાં દાખલ થયા હતા. આ પ્રકરણમાં પ્રવિણ પટેલની ફરિયાદને આધારે સે-૭ પોલીસે નિશિત વ્યાસ, સુર્યસિંહ ડાભી, ડૉ. કૌશિક શાહ, શૈલેન્દ્રસિંહ બિહોલા, ઈશ્વરભાઈ દેસાઈ, તેજાભાઈ દેસાઈ, દુર્ગેશ ગઢવી તથા અન્ય બે મહિલા કાર્યકર ઉપરાંત અન્ય ૨૫ કાર્યકરોના ટોળા સામે ગુનો નોંધ્યો હતો. જેમાં આઈપીસીની કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૩૪૧, ૩૫૩, ૧૮૬, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ ગુનો દાખલ થયો હતો. મોડી સાંજ સુધીમાં નિશિત વ્યાસ, શૈલેન્દ્રસિંહ બિહોલા, સૂર્યસિંહ ડાભી અને ડૉ. કૌશિક શાહની ધરપકડ કરી લેવાઈ હતી. ત્યાર બાદ તબક્કાવાર મોડી રાત સુધીમાં તેજાભાઈ દેસાઈ, વીરાભાઈ દેસાઈ અને દુર્ગેશ ગઢવીની પણ ધરપકડ કરી લેવાઈ હતી. મધરાત્રે બે વાગ્યાના અરસામાં સાતેય આરોપીને જામીન પર મુકત કરવામાં આવ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિ દ્વારા જિલ્લા ઉપરાંત જિલ્લાની તમામ સામાજિક ન્યાય સમિતિના ચેરમેનો અને સભ્યોની એક ખાસ કાર્યશાળા આજે બપોરે ૩ વાગે જિલ્લા પંચાયતમાં યોજાશે.

● જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિની આજે બેઠક મળશે.

● જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી એન.એમ. રાઠોડ રજા પર જતાં નાયબ પ્રા. શિ. અ. શ્રી સંજયભાઈ પરમારને કાર્યભાર સોંપાયો.

● જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી શ્રી ડૉ. જયેશ સોલંકી રજા પર ગયા છે.

● મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટ પણ રજા પર ગયા છે.

● જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના સભ્યોએ આજે ગાંધીનગરની એક હોટલમાં સમૂહભોજન લીધુ હતુ.

● શહેર કોંગ્રેસની કારોબારી સમિતિની બેઠક અંગે જુનો સંદેશો શોશ્યલ મિડિયામાં વાઈરલ થતાં કોંગ્રેસી આગેવાનો જિલ્લા પંચાયત પહોચ્યા હતા.

● મહાત્મા મંદિર ખાતે રાજ્યના મંડપ ડેકોરેટર્સનું વાર્ષિક અધિવેશન યોજાશે આ અંગેની તારીખો હવે જાહેર કરાશે.

# બુધ પારગમનની ઘટનાએ લોકોમાં આકર્ષણ જમાવ્યું

## સૂર્યની તકતી ઉપરથી બુધને પસાર થવાની અનોખી ખગોળીય ઘટનાને લોકોએ માણી

ગાંધીનગર, તા. ૧૧

કચ્છ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા ક્યારેક બનતી બુધ પારગમનની ખગોળીય ઘટનાના અવલોકનનો જાહેર જનતા માટે એક કાર્યક્રમ મુન્દ્રા રીલોકેશન ચાર રસ્તા શાળા ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં વિદ્યાર્થીઓ સહીત મોટી સંખ્યામાં ખગોળ રસિકો વૈજ્ઞાનિકોએ કરેલી મથામણની વિગતો જણાવી હતી. બરાબર ૧૬.૪૨ કલાકે બુધ સૂર્યની તકતી ઉપર પ્રવેશ્યો હતો જેને ઉપસ્થિત ખગોળ રસિકોએ ચિચિયારીઓથી વધાવી લીધો હતો. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ કાળા ટપકાં સ્વરૂપે બુધ વધારે સ્પષ્ટ રીતે સરકતો જોવા મળ્યો હતો. જે નઝારાને




ઉપસ્થિત રહ્યા હતા. આ ઘટનાનું મહત્વ સમજાવતા ક્લબના પ્રમુખ નરેન્દ્ર ગોર સાગરે જણાવ્યું હતું કે પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવેલા બે ગ્રહ શુક્ર અને બુધ ક્યારેક સીધી લીટીમાં આવી જવાથી પારગમનની ઘટના બનતી હોય છે. ચંદ્ર ખુબ નજીક હોવાથી તે મોટો દેખાય છે અને સૂર્યની આડે આવતાં સૂર્ય ગ્રહણ થાય છે જ્યારે બુધ અને શુક્રની આવી ઘટના પારગમન કે ટ્રાંઝિટ તરીકે ઓળખાય છે.

છેલ્લે ૨૦૦૩માં કચ્છમાંથી બુધ પારગમનનું અવલોકન ક્લબ દ્વારા કરવામાં આવેલ હતુ હવે પછી ભારતવાસીઓ ઈ.સ. ૨૦૩૨માં આ ઘટના નિહાળી શકશે. તેમ જણાવી ભુતકાળમાં આવા પારગમનો દ્વારા સૂર્ય અને પૃથ્વી વચ્ચેના અંતરો શોધવા ખગોળ સૂર્યાસ્તના સમય ૭.૨૩ સુધી ઉપસ્થિત જીજ્ઞાસુઓએ માણ્યો. પ્રિયાંક મહેતા તેમજ નિશાંત ગોરે આ ઘટનાની ઈમેજીંગની કામગીરી કરી હતી. તો ભવ્ય ઠક્કર તથા કર્મવીર જાડેજાએ બુધ માર્ગ અંકિત કરવાની કામગીરી કરી હતી. કચ્છ યુનિવર્સિટીના મહેશ ઠક્કરે બુધ ગ્રહનું ટેલિસ્કોપથી થયેલ પ્રોજેક્શનની સ્પષ્ટ તસવીર નિહાળી આનંદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ગૌરવ રાચ્છ નામના વિદ્યાર્થીએ જાતે બનાવેલ ટેલિસ્કોપનું નિદર્શન કરી ટેલિસ્કોપની રચના વિશેની સમજણ અનીલભાઈ ડાભીએ આપી હતી. દયારામ જણસારી, કિશોરભાઈ ચૌહાણ વિગેરેએ વ્યવસ્થા સંભાળી હતી. તો ઝુંબેશભાઈ પોમલે સહયોગ આપ્યો હતો.

# રાંધેજામાંથી વધુ ૪ કેસ ઝાડાના મળ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામને ગઈકાલે કોલેરાગ્રસ્ત જાહેર કરાયા બાદ આજે વધુ ૪ કેસ સાદા ઝાડાના મળ્યા હતા. બીજી તરફ તંત્રએ પણ ઉભી થયેલી સ્થિતિની સમીક્ષા માટે પંચાયતના સદસ્યો સાથે બેઠક યોજી સૌને સહયોગ આપવા જણાવ્યુ હતુ.

આજે પણ રાંધેજા ગામે પેયજળનો પુરવઠો ટેન્કરો દ્વારા આપવામાં આવ્યો હતો. ગ્રામજનોના આગ્રહને કારણે બોરનું પાણી માત્ર ન્હાવા-ધોવા માટે આપવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ તંત્રના અધિકારીઓએ કડક વલણ દાખવી કરી હતી.

રાંધેજામાં આજે વધુ ૪ કેસ સાદા ઝાડાના મળી આવ્યા હતા. પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે તેમ આરોગ્ય સત્તાવાળાઓનું કહેવું છે.

બીજી તરફ આજે રાંધેજાના ગ્રામજનો અને પંચાયતના સભ્યો સામ-સામે આવી જતાં વાતાવરણ પણ તંગદીલીભર્યુ બની જવા પામ્યુ હતુ. જો કે પોલીસે તાત્કાલિક સમયસૂચકતા વાપરી ગ્રામજનોને શાંત પાડ્યા હતા અને પરિસ્થિતિ થાળે પાડી હતી. રાંધેજામાં હજુ એકાદ-બે દિવસ લિકેજીસ રિપેરીંગ માટે જશે તેમ મનાઈ રહ્યું છે.

# પાટનગર યોજના ભવનમાં જ પાણીની ગુણવત્તા સામે પ્રશ્ન

ગાંધીનગર તા ૧૧

શહેરમાં પાણી પુરવઠો સપ્લાય કરવાની જવાબદારી નિભાવતા પાટનગર યોજના ભવનની કચેરીમાં જ પાણીની ગુણવત્તા સામે પ્રશ્ન મંડરાયો છે. વોટર કુલર બંધ હાલતમાં છે. જયારે આર ઓ પ્લાન્ટની સર્વિસ પણ છેલ્લા પાંચ વર્ષથી થઈ નથી. શહેરમાં પાણીના નમુના લઈ ગુણવત્તાનો દાવો કરતા તંત્રના કર્મચારીઓને જ ગરમીના દિવસોમાં સ્વચ્છ તેમજ ગુણવત્તાયુકત પાણી નસીબ થતુ નથી.

શહેરના સેકટરોમાં પાણી પુરવઠો સપ્લાય કરતા તંત્રના કર્મચારીઓ જ પાણીની સમસ્યાથી પીડાય છે. પાટનગર યાજના ભવનમાં કર્મચારીઓને આકરી

**આર.ઓ. પ્લાન્ટ રામભરોસે ચાલે છે : લાંબા સમયથી સર્વિસ થઇ નથી. વોટર કુલરો પણ બંધ કર્મચારીઓને આકરી ગરમીમાં ઠંડુ પાણી નસીબ થતુ નથી**

ગરમીમાં ઠંડુ પાણી નસીબ થતુ નથી. ભવનની આર ઓ સિસ્ટમ છેલ્લા પાંચ વર્ષથી યથાવત સ્થિતિમાં છે. આર ઓ સિસ્ટમને સર્વિસ પણ કરવામાં આવી નથી. જેના લીધે પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડારાયો છે.

એકબાજુ અસહ્ય ગરમીમાં કર્મચારીઓને પીવાનુ ઠંડુ પાણી પણ મળતુ નથી. જયારે આર ઓ પ્લાન્ટની પણ યોગ્ય સમયે જાળવણી ન થતા કર્ચચારીઓના આરોગ્ય સામે ખતરો મંડરાયો હોવાનો સુર ઉઠવા પામ્યો છે. અગાઉ પણ પાટનગર યોજનાની સર્કલની કચેરીમાં પાણીમાં ગુણવત્તા ન જળવાતા કર્મચારીઓ કમળાના રોગચાળાનો ભોગ બન્યા હતા. આવા સંજોગોમાં સેકટરોમાં પાણીના નમુના લઈ ગુણવત્તાયુકત પાણી પુરવઠો સપ્લાય કરવાનો દાવો કરતા તંત્રના કર્મચારીઓને જ પીવાલાયક પાણી ન મળતુ હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે. પાટનગર યોજના ભવનની આર ઓ સિસ્ટમની સર્વિસ માટે પણ જવાબદાર અધિકારીઓએ ઉદાસીનતા દાખવી હોવાનો આક્રોશ પ્રવર્તયો છે.

# પ્રાંતિજના ઘડકણ ગામે ઉમિયા માતાજીનો તૃતિય પાટોત્સવ રંગેચંગે ઉજવાયો

ચિલોડા તા.૧૧

પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામે તાજેતરમાં વૈશાખસુદ ત્રીજ(અખાત્રીજ)ના શુભ દિવસે પંચદેવ મંદિરના પ્રાંગણમાં શ્રી ઉમિયા મતાજીનો તૃતિય પાટોત્સવ શાસ્ત્રોકત વિધિ પ્રમાણે માંગલિક પ્રસંગે દેવી-દેવતાઓના ધજારોહણ વિધિ તથા માતાજીના હવન, પૂજા, અર્ચના દ્વારા ધર્મપ્રેમી ગ્રામજનોએ ભારે ઉત્સાહભેર ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક પ્રસંગે ભાવિ-ભકતો દ્વારા દાન-ભેટની સરવણી વહાવી આ અનેરા ધાર્મિક પ્રસંગમાં સહભાગી બન્યા હતા. ઘડકણ ગામે પાટોત્સવ નિમિતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાપ્રસાદનો લાભ ઘડકણની ધર્મપ્રેમી જનતા સહિત આસપાસના ગ્રામજનોએ લઈ ધન્યતા અનુભવી હતી. જયારે માતાજીના પાટોત્સવના સુંદર ધાર્મિક પ્રસંગે આયોજીત રાસ-ગરબાં ભકતો મનમુકીને ગરબે ઘુમ્યા હતા. માતાજીના પાટોત્સવની ઉજવણી આનંદ-ઉલ્લાસથી સૌ ભકતોએ ભેગા મળીને કરી હતી. પાટોત્સવ નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમને પગલે ગામમાં ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું.

# ઓફિસ આસીસ્ટન્ટ, બિન સચિવાલય કલાર્ક માટે ૭.૨૦ લાખ અરજીઓ ભરાઈ

ગાંધીનગર, તા.૧૧

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં સચિવાલય અને બિન સચિવાલય કલાર્કની ભરતી માટે ઓન લાઈન ઉમેદવારી નોંધાવવાનો સમય પૂર્ણ થતા રાજયભરમાંથી ૭.૨૦ લાખ ઉમેદવારોએ ઓનલાઈન અરજી નોંધાવી હતી. આ ઉમેદવારો માટેની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આગામી સપ્ટેમ્બર માસમાં યોજાશે.

રાજયના વહીવટી તંત્રમાં કામ કરતા કર્મચારીઓ મોટા પ્રમાણમાં નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે ખાલી થતા મહેકમને પુનઃ ભરવા માટે રાજય સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષથી મોટા પાયે ભરતી ઝુંબેશ શરૂ કરી છે.

આ ઝુંબેશને લઈ થોડા સમય પહેલા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૩૦૦૦ જેટલી સચિવાલય અને બિન સચિવાલય કલાર્કની જગ્યાઓ ભરવા જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી હતી જેમાં ધોરણ-૧૨ પાસ યુવાનો પાસેથી ઓનાલઈન અરજીઓ આયોગની વેબસાઈટ પર મંગાવવામાં આવી હતી.

આયોગ દ્વારા ૧૫ દિવસનો ઓનલાઈન અરજી માટેનો સમય ઉમેદવારોને આપવામાં આવ્યો હતો. ઓનલાઈન અરજીનો સમયપૂર્ણ થતા રાજયભરમાંથી ૭.૨૦ લાખથી વધુ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરી છે. આ ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા સપ્ટેમ્બર માસમાં યોજાશે.

# પ્રજાના પ્રશ્નો ઉકેલવા ભાજપ સરેઆમ નિષ્ફળ : ભરતસિંહ

ગાંધીનગર,તા. ૧૧

તલાલા વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવરા ભગવાનજીભાઈ બારડના ચૂંટણી પ્રચારમાં જાહેર સભાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનૌ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ચૂંટણી સમયે દેશમાં ૨૦ કરોડ લોકોને રોજગારી આપવાનું વચન આપનાર ભાજપ શાસકોના છેલ્લા ૨૦ વર્ષના શાસનમાં ગુજરાતમાં બેરોજગારીની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આજના ભાજપના શાસકો સાદગીને ઠેકાણે પાડીને બેફામ ખર્ચા કરી ભ્રષ્ટાચાર આચરી રહ્યા છે. છેવાડાના ગુજરાતીની કલ્યાણની ભાવના ભાજપ શાસકોએ અભરાઈ ચડાવી દીધી છે. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ-કેજી બેસિનનો રૂપિયા ૨૦૦૦૦ કરોડનો ભ્રષ્ટાચાર કેગે ઉજાગર કર્યો છે તે અંગે ભાજપ મૌન છે અને ભ્રષ્ટાચાર છુપાવવા માટે બીજો ભ્રષ્ટાચાર કરી રહ્યું છે. પોતાના વ્હાલા દવાલાઓને ફાયદો કરાવવા પ્રજા ઈકો સેન્સેટીવ ઝોનના

**તલાલાના કોંગ્રેસના ઉમેદવારના ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ સોલંકીના ભાજપ પર તીવ્ર પ્રહારો**

નામે ભાજપ સરકાર અવરોધો ઉભા કરી રહી છે.

રાજ્યમાં પીવાના પાણીની અસહ્ય તંગી છે. ૮૦૦૦ ગામોમાં પાણીની વિકટ પરિસ્થિતિ હોવા છતાં ભાજપ શાસકો ઉત્સવો અને તાયફાઓમાં વ્યસ્ત છે. ભાજપના ભ્રષ્ટાચારી શાસનથી સમાજના તમામ વર્ગના લોકો ત્રાહિમામ છે.

ગુજરાતની સ્થાપના સમયથી શરૂઆતના ૩૫ વર્ષ સુધી કોંગ્રેસ પક્ષે ગુજરાતના છેવાડાના માનવીના કલ્યાણ માટે, ભવિષ્યની જરૂરિયાત માટે વિવિધ યોજનાઓનો વિચાર કર્યો અને અમલ મુકી, કોંગ્રેસના શાસનમાં ૬૩ નદીઓ પર ૫૦૪ નાના મોટા બંધનું બાંધકામ કરવામાં આવ્યું. રાજ્યના નાગરિકો માટે પીવાના પાણીની સુવિધા, સિંચાઈની સુવિધા કે પછી રાજ્યનો ઔદ્યગિક વિકાસ હોય જેમાં રિફાઈનરી, ટેકસટાઈલ, કેમિકલ, ફાર્મા કંપનીઓ, ડાયમંડ સહિત અનેક નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવ્યું પરિણામે ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં પ્રથમ ક્રમાંકે રહ્યું.સ્થાનિક રોજગારી માટે જીઆઈડીસીની સ્થાપના કરવામાં આવી પરિણામે કોંગ્રેસના શાસનમાં ઉંચો વિકાસ દર રહ્યો ૧૬થી ૧૮ ટકા મૂડી રોકાણમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે આવ્યું હતું, માથાદીઠ આવકમાં વધારો થયો.

# પૂર્વ સંરક્ષણ નિવાસી તાલિમ વર્ગ જોગ

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આમી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વગેરેમાં જોડાવવા ઈચ્છતા યુવાનો માટે ભરતી પૂર્વે શારીરિક તેમજ માનસિક ક્ષમતા માટેની ઘનિષ્ઠ તાલીમ આપવા માટે સ્વામી વિવકોનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તાલીમમાં આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વગેરેની જગ્યાઓ માટે શારીરિક યોગ્યતા ઘરાવતા, નિયત કરેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ઘોરણ-૧૦ પાસ અને ઉંમર ૧૭ ૧/૨ વર્ષ થી ૨૧ વર્ષ અથવા ઘોરણ-૧૨ પાસ અને નિયત ઉંમર ૧૭ ૧/૨ વર્ષથી ૨૮ વર્ષ ધરાવતા યુવાનોને જ શારીરિક/માનસિક ક્ષમતા તથા લેખિત પરીક્ષા માટે ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે. તાલીમમાં શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ, વજન તથા છાતી શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલઅપ્સ વગેરેની તાલીમ માટે ફીઝીકલ ઈન્સ્ટ્રકટર દ્વારા ભરતીને અનુરૂપ શારીરિક તાલીમ આપવામાં આવશે. તાલીમી વ્યાખ્યાતાઓ દ્વારા અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન તથા સામાન્ય જ્ઞાનની તાલીમ આપવામાં આવશે.

તાલીમમાં જોડાવવા માંગતા ઉમેદવારોની યાદી રોજગાર કચેરી, પહેલો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર દ્વારા તૈયાર કરવા માટે કચેરીના કામકાજના દિવસોમાં સવારના ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધીમાં ઉંચાઈ, વજન, શારીરિક ક્ષમતા વગેરેનો ટેસ્ટ લઈ પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. પસંદગી થયેલા ઉમેદવારોની સિવિલ હોસ્પિટલમાં ડૉકટર મારફતે પ્રાથમિક તબીબી ચકાસણી કરીને તાલીમાર્થીઓની ફાઈનલ યાદી તૈયાર કરવામાં આવશે. વહેલા તે પહેલાના ઘોરણે ૬૦ ઉમેદવારોને જ પસંદ કરવામાં આવશે. આ માટે એક પાસપોર્ટ સાઈઝનો ફોટો, ફોટો આઈડેન્ટી પ્રુફની ઝેરોક્ષ અરજી ફોર્મમાં દર્શાવેલ સુચનાઓને આધીન ફોર્મ તથા સંમતિપત્રક ભરવાનું રહેશે.




